# શુભેચ્છાઓ



**શ્રી વિપુલભાઈ પંચોલી**

– શ્રી વિપુલભાઈ પંચોલી (ન્યાયમૂર્તિ, ગુજરાત હાઈકોર્ટ)

સૌ પ્રથમ હું શાળાના સંચાલકો તેમજ પ્રિન્સીપાલ સાહેબનો આભાર માનુ છું કે તેઓ એ ઈનામવિતરણ સમારંભ પ્રસંગે મને આમંત્રણ આપ્યું છે.

મેં આ શાળામાં બાલમંદિરમાં એડમીશન લીધું ત્યારથી ૧૯૮૫ની સાલમાં ધો. ૧૨ પાસ કર્યું ત્યાં સુધી અભ્યાસ કરેલ છે. આ શાળામાં મને જે શિક્ષણ આપવામાં આવેલ છે તેમજ અમારા માનનીય શિક્ષકો દ્વારા જે સંસ્કાર આપવામાં આવેલ છે તે બદલ તેઓ સૌનો આભારી છું. આ પ્રસંગે હું માનનીય સ્વ. શ્રી દિનુભાઈ દવે તેમજ તમામ શિક્ષકોને યાદ કરી તેઓને પ્રણામ કરું છું.

ધો. ૧૦, ૧૧ અને ૧૨માં આ શાળાના જે વિદ્યાર્થીઓએ અભ્યાસમાં સફળતા મેળવી છે, સારા માર્કસ મેળવ્યા છે, જે વિદ્યાર્થી મિત્રોએ રતમગમત તેમજ સંગીત, કલા વગેરે ક્ષેત્રોમાં સફળતા મેળવી છે તેઓ સૌને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. તમે સૌ જીવનના તમામક્ષેત્રોમાં ભવિષ્યમાં પણ આવી સફળતા મેળવતા રહો એવી શુભેચ્છા પાઠવું છું.

આ પ્રસંગે હું જે વિદ્યાર્થીમિત્રોએ ભણવામાં કે બીજા ક્ષેત્રોમાં સારા માર્કસ કે ધારી સફળતા નથી મેળવી તેઓને જણાવવા માગું છું કે કોઈ પરીક્ષા કે સ્પર્ધામાં ઓછા માર્કસ આવવાથી કે નાપાસ થવાથી તેઓએ નાસીપાસ થવાની કોઈ જરૂર નથી. આપણે સૌએ આપણું કામ ઈમાનદારી / પ્રામાણિકતાથી કરતા રહેવાનું છે. જો તમે તમારૂ કામ honesty, sincerity થી કરશો અને hardwork / સખત મહેનતથી કરશો તો તમે જીવનના કોઈપણ ક્ષેત્રમાં સફળ થશો. સફળતા મેળવવા માટે સખત મહેનતનો કોઈ વિકલ્પ નથી, પરંતુ હું એટલું જરૂર કહીશ કે સફળતા માટે મહેનત સાથે ઈશ્વરીય કૃપા પણ જરૂરી છે. આ માટે પ્રાર્થના પણ તેટલી જ જરૂરી છે. આ તબક્કે હું એ પણ ખુલાસો કરવા માંગુ છું કે ફક્ત નસીબના સહારે બેસી રહેવાની જરૂર નથી, પરંતુ મહેનત અને ઈશ્વરીય કૃપા હશે તો સફળતા જરૂર મળે છે. તમે તમારા work ને enjoy કરો.

ક્યારેક એવું પણ બને છે કે તમે મહેનત કરો છો છતાં તમે સફળ થતા નથી, ત્યારે બીજી તક મળે તેનો ઉપયોગ કરી ફરી મહેનત કરી સફળતા મેળવી શકાય છે. આ પ્રસંગે હું મારી વાત જણાવવા માંગુ છું. હું ધો. ૧૨ સાયન્સમાં હતો ત્યારે એન્જીનીયર બનવા માંગતો હતો. ૧૯૮૫ની સાલમાં અનામત આંદોલન થયેલ અને તોફાનો થયેલા. બોર્ડની પરીક્ષા માર્ચ મહીનામાં લેવાની હતી તે ના લેવાઈ અને અચાનક ૫ મહિના પછી ઓગષ્ટ મહિનામાં જાહેર થઈ. કોઈપણ કારણસર ધો. ૧૨માં મારા ૫૪% માર્કસ આવ્યા. ત્યારબાદ મેં B.Sc. (Electronics) ફર્સ્ટ ક્લાસ સાથે પાસ કર્યું. પછી LL.B. અને LL.M. પરીક્ષા પાસ કરી અને હાઈકોર્ટમાં વકીલાત શરૂ કરી. દરેક તબક્કે મહેનત કરતો ગયો અને ૨૦૧૪ની સાલમાં ગુજરાત હાઈકોર્ટમાં જજ તરીકે નિમણુંક થઈ. આમ હું કોઈ કારણસર એન્જીનીયર ન થઈ શક્યો પરંતુ જે ક્ષેત્રમાં ગયો ત્યાં મહેનત કરતો ગયો અને ઈશ્વરની કૃપાથી આજે આપની સમક્ષ આવ્યો છું.

મારી વાત કરવા પાછળનો હેતુ એ છે કે કોઈ નિષ્ફળતાથી નાસીપાસ થવાની જરૂર નથી. ક્યારેક આપણી નિષ્ફળતા પાછળ ભવિષ્યની કોઈ વધુ સારી તક પણ છુપાયેલી હોઈ શકે છે. આ સાથે હું સર્વે વિદ્યાર્થી મિત્રોને ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું કે તેઓ અભ્યાસમાં અને પોતાના ગમતા ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરે. આભાર.